# મધ્ય ગુજરાત

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

**દાહોદ કાર્યાલય :** સોનીવાડ, રાધાકૃષ્ણ મંદિર પાસે, દાહોદ. ફોન નં. 02673-243785 **ગોધરા કાર્યાલય :** પ્રેમપ્રકાશ ટાવર, બીજો માળ, અંકલેશ્વર મહાદેવ રોડ, ગોધરા. ફોન નં. 7096679080



**લીમખેડાના પાણીયા સ્ટેન્ડ પાસે કેમિકલ અને પ્લાયવુડ ભરેલા બે આઈસર ટ્રક ધડાકાભેર અથડાઈ**

# અમદાવાદ-ઈન્દોર હાઈવે પર અકસ્માતમાં બે જીવતા ભૂંજાયા

### સારવાર મળે તે પહેલા જ ડ્રાઈવર અને ક્લીનરનું મોત

(પ્રતિનિધી) લીમખેડા, તા.26
"અમદાવાદ-ઈન્દોર નેશનલ હાઈવે પર આજે વહેલી સવારે ગમખ્વાર અકસ્માત સર્જાયો છે. લીમખેડાના પાણીયા બસ સ્ટેન્ડ નજીક 2 આઈસર ટ્રક ધડાકાભેર અથડાઈ હતી. અકસ્માતમાં બાદ ટ્રકમાં આગ લાગતા બે લોકોમાં જીવતા ભૂંજાઈ ગયા હતા. અકસ્માતના લીધે હાઈવે પર ટ્રાફિકજામ સર્જાયો હતો." "ગોધરા તરફથી આવતી કેમિકલ ટ્રકની જોરદાર ટક્કર



### બંનેના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે ખસેડ્યા

પોલીસે ક્રેનની મદદથી ટ્રકને સીધી કરાવી કેબિનમાં ફસાયેલા બંને મૃતદેહોને બહાર કાઢી પંચનામું કર્યું હતું. મૃતદેહોને પોસ્ટમોર્ટમ અર્થે સરકારી હોસ્પિટલમાં ખસેડીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. અકસ્માતના કારણે હાઇવે પર સર્જાયેલા ટ્રાફિક જામને પણ પોલીસે જહેમતપૂર્વક હળવો કરી વાહનવ્યવહાર પૂર્વવત કરાવ્યો હતો.

મળતી માહિતી મુજબ, ગોધરા તરફથી પૂરઝડપે આવી રહેલી કેમિકલ ભરેલી આઈસર ટ્રકે હાઈવેની સાઈડમાં ઉભેલી ટ્રકને પાછળથી જોરદાર ધડાકાભેર ટક્કર મારી હતી. અકસ્માત બાદ કેમિકલના જ્વલનશીલ પદાર્થને કારણે ક્ષણવારમાં જ ભયાનક બ્લાસ્ટ સાથે આગ ફાટી નીકળી હતી અને જોતજોતામાં બંને વાહનો આગની લપેટમાં આવી ગયા હતા."

આગની જ્વાળામાં કેમિકલ ભરેલા ટ્રકના ડ્રાઇવર અને ક્લીનરને બહાર નીકળવાનો મોકો મળ્યો ન હતો. અને કેબિનમાં ફસાઈ ગયા હતા અને જોતજોતામાં આગમાં જીવતા ભૂંજાયા હતા. જેના કારણે ઘટનાસ્થળે જ બંનેના મોત નીપજ્યા હતા.બીજી તરફ, પાછળથી વાગેલી ટક્કર અને આગના કારણે બીજી ટ્રકમાં રહેલો પ્લાયવુડનો જથ્થો પણ બળીને ખાખ થઈ ગયો હતો, જોકે તે ટ્રકના મુખ્ય ભાગને વધુ નુકસાન પહોંચ્યું ન હતું. સ્થાનિકો અને સરપંચ દોડી આવ્યા વહેલી સવારે બનેલી આ ગમખ્વાર ઘટનાના પગલે અકસ્માતનો ધડાકો સાંભળીને આસપાસના ગ્રામજનો દોડી આવ્યા હતા. લીમખેડા પોલીસ સ્ટેશનના પી.આઈ. સંદીપ વસાવા અને મામલતદાર અનિલ વસાવા પોલીસ કાફલા સાથે ઘટનાસ્થળે પહોંચી ગયા હતા.

## ભોજ ગામે જૂની અદાવતમાં ચાર શખ્સોએ હુમલો કર્યો

(પ્રતિનિધી) પાદરા, તા.26
પાદરા તાલુકાના ભોજ ગામના કુંભારવાડામાં રહેતા ફિરોજભાઈ ઉર્ફે યાકુબ નિઝામભાઈ કેશરભાઈ રાઠોડ (ઉ.વ. 45)એ નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું છે કે, ગત રોજ રાત્રે આશરે 10 વાગ્યે તેમના ઘરે ઈકબાલ ઉર્ફે સબો યુસુફભાઈ રાઠોડ, યુસુફભાઈ વિક્રમભાઈ રાઠોડ, મેહબુબભાઈ વિક્રમભાઈ રાઠોડ અને હમીદભાઈ ઉર્ફે મદાર બાપુ અનવરભાઈ રાઠોડ લાકડીઓ સાથે ધસી આવ્યા હતા. ફરિયાદ મુજબ આરોપીઓએ ફરિયાદી અને તેમના પરિવારજનોને ગાળો આપી ઝપાઝપી શરૂ કરી હતી. આ દરમિયાન ઈકબાલ ઉર્ફે સબોએ લાકડી વડે ફરિયાદીના માથામાં ફટકો માર્યો હતો. ફરિયાદીને બચાવવા આવેલા તેમની પત્ની ખેરૂનબેનને પણ લાકડી વડે કમરના ભાગે ઈજા પહોંચાડવામાં આવી હતી.

**લોકોમાં ગભરાટ ફેલાયો**

## કાલોલના સુરેલી ગામે ખેતરમાંથી પાંચ ફૂટના અજગરનુ રેસ્ક્યુ કરાયું

### જીવદયા પ્રેમી તુષાર પટેલે અજગરને પકડી જંગલમાં મુક્ત કરતાં લોકોએ હાશકારો અનુભવ્યો



(પ્રતિનિધી) કાલોલ, તા.26
કાલોલ તાલુકાના સુરેલી ગામે મહેન્દ્રભાઈ રતનભાઈ પટેલના ખેતરમાં અચાનક પાંચ ફૂટ લાંબો અજગર દેખાતા ખેડૂતો અને ગામ લોકોમાં ગભરાટ ફેલાયો હતો. જ્યાં ઘટનાની જાણ થતાં જ ખેતર માલિક મહેન્દ્રભાઈએ તાત્કાલિક જીવદયા પ્રેમી તુષારભાઈ પટેલને ટેલિફોન કરીને જાણ કરી. માહિતી મળતાં જ તુષારભાઈ પટેલ ગણતરીની મિનિટોમાં ઘટના સ્થળે પહોંચી ગયા હતા.અને તુષારભાઈએ અજગરને કોઈ નુકસાન ન પહોંચે તે રીતે સુરક્ષિત રીતે રેસ્ક્યુ કર્યું. ત્યારબાદ અજગરને વાહનમાં લઈ જઈને નજીકના ખુલ્લા જંગલ વિસ્તારમાં સુરક્ષિત રીતે મુક્ત કરવામાં આવ્યો હતો. ત્યારે સ્થાનિકોએ જીવદયા પ્રેમી ની ઝડપી અને જોખમભરી કામગીરીની પ્રશંસા કરી હતી. જીવદયા પ્રેમી તુષારભાઈ પટેલે જણાવ્યું કે ચોમાસામાં આવા સરિસૃપો ખેતરો અને રહેણાંક વિસ્તારમાં આવી જતા હોય છે. આવી સ્થિતિમાં તરત જ વન્યજીવ બચાવ ટીમ કે જાણકાર વ્યક્તિનો સંપર્ક કરવા અપીલ કરાઈ અને કોઈપણ જંગલી પ્રાણી દેખાય તો તેને મારવાને બદલે તંત્રને જાણ કરે જેથી તેનું સુરક્ષિત રીતે રેસ્ક્યુ કરી શકાય.

**હજુ બીજા ૨૦ જેટલા જર્જરીત મકાનો**

## વેજલપુર ખાતે સતત બીજા દિવસે વધુ એક જર્જરીત મકાન ધરાશાયી થયુ

### ગામમાં હજુપણ ૨૦ થી ૨૫ જર્જરીત મકાન તુટી પડવાની કગારમાં છે ત્યારે તંત્ર યોગ્ય નોંધ લઇ કાર્યવાહી કરવા માંગ ઉઠી



(પ્રતિનિધી) કાલોલ, તા.26
કાલોલ તાલુકાના વેજલપુર ખાતે મેઈન બજાર હોળી ચકલા વિસ્તારમાં આજે વધુ એક જર્જરીત મકાન તુટી પડ્યુ છે જોકે સદભાગ્યે કોઈ પણ પ્રકારની જાનહાનિ ટળી ગઈ છે ગઈકાલે માળી ફળિયા પાસે એક જર્જરીત મકાન તુટી પડવાની સાહી સુકાઈ નથી ત્યાં બીજું એક મકાન તુટી પડ્યું છે આસપાસના લોકો માં ભારે ભય નો માહોલ સર્જાયો છે વેજલપુર ગામમાં આવા ૨૦ જેટલા મકાનો જર્જરીત અવસ્થામાં ઊભા છે જે ગમે ત્યારે તુટી પડે તેમ છે ત્યારે ગ્રામ પંચાયત દ્વારા હજુ સુધી કોઈ પણ પ્રકારની નક્કર કાર્યવાહી કરવામાં આવી નથી કે આવા જર્જરીત મકાન માલીકો ને નોટિસ પણ આપી નથી ત્યારે કોઈ મોટી હોનારત સર્જાયા બાદ તંત્ર જાગશે કે કેમ? તેવો પ્રશ્ન ઉઠ્યો છે. અમોએ તલાટી કમ મંત્રી નો ટેલિફોનીક સંપર્ક કરવા પ્રયત્ન કરતા તેઓએ ફોન ઉપાડેલ નથી. વેજલપુરમાં લગભગ ૨૦ થી ૨૫ જર્જરીત મકાન તુટી પડવાની રાહ જોતા ઊભા છે. તલાટી કમ મંત્રી ને રજૂઆત કરી તો કહે છે કે અમે કેવી રીતે ઉતારીએ. કોઈ જવાબદારી લેવા તૈયાર નથી ગ્રામ પંચાયત કોઈ કાર્યવાહી કરતી નથી. તેવું સલીમ કઠિયા માજી તાલુકા પંચાયત સદસ્યએ જણાવ્યુ હતુ.

**અમદાવાદમાં ફટાકડાની દુર્ઘટનાની અસર**

## સંજેલીના પીછોડા ગામની દાઝેલી મહિલાનુ મોત

(પ્રતિનિધી) સંજેલી, તા.26
સંજેલી તાલુકાના પિછોડા ગામના દિનેશભાઈ કોયાભાઈ ડામોર તેમજ તેમના પત્ની કોકીલાબેન દિનેશભાઈ ડામોર તેમના બે પુત્રો સહિતનું પરિવાર છે જેમાં એક પુત્ર અજય ડામોર તેમજ બીજો પુત્ર અક્ષય ડામોર . દિનેશભાઈ તેમજ તેમના ધર્મપત્ની જે વર્ષોથી અમદાવાદ ખાતે ફટાકડાની કામગીરીમાં જોડાયેલા હોય વર્ષોથી કામગીરી ફટાકડામાં જ કરતા હતા જેમાં દિનેશભાઈ અને તેમના ધર્મપત્ની સહિત હવે તેમનો પુત્ર જેનો નામ અજય ડામોર જેમના લગ્ન આશરે બે વર્ષ અગાઉ જ નેનકી ગામમાં પાયલબેન ડામોર સાથે કરાવવામાં આવેલ સૌ કોઈ મળી શાંતિથી રહેતા હતા ત્યારે તેમનો નાનો પુત્ર પણ બહાર ગામે સેન્ટીંગ સહિતની કામગીરીમાં જોડાયેલ હતો. દિનેશભાઈ ડામોર પોતે અમદાવાદ ખાતે ફટાકડા ની લાઈનમાં જોડાઈ અને હવે આશરે એકાદ બે વર્ષથી પોતાના પુત્ર અજય ડામોરને પણ સાથે કરવાનું વિચારી અમદાવાદ ખાતે અજયભાઈ ડામોર તેમજ અજયભાઈ ડામોર ની પત્ની પાયલબેન ડામોર પણ ફટાકડાની ફેક્ટરીમાં કામગીરીમાં જોડાયા હતા. અને ફટાકડાની ફેક્ટરીમાં જ આગ લાગવાની ઘટના બનતા જ આજે ડામોર તેમજ પત્ની પાયલ ડામોર દાઝી ગયા હતા જેમને સારવાર માટે ખસેડ્યા હતા. અજય ડામોરના પત્ની પાયલ ડામોર નો તબિયત માં સુધાર ના હોતા તેને અમદાવાદથી વડોદરા ખાતે સારવાર અર્થે ખસેડવાનું નક્કી કરાયું હતું ત્યારે પાયલ ડામોરની વડોદરા ખાતે સારવાર ચાલી જ રહી હતી પરંતુ વધારે દાઝી જવા સહિતના કારણો સાથે પાયલબેન ડામોર નો ગત રોજ વડોદરા ખાતે મોત થયુ હતુ.

**પાણી દૂષિત થતાં પશુઓ મૃત્યુ પામ્યા હોવાનો અને ચામડીના રોગો ફેલાયાનો આક્ષેપ**

## વેજલપુરમાં મોટા તળાવમાં ચાલતા મત્સ્યોદ્યોગનો ઠરાવ રદ કરવા માંગ

(પ્રતિનિધી) કાલોલ, તા.26
કાલોલ તાલુકામાં આવેલા વેજલપુર ગામના મોટા તળાવમાં ચાલી રહેલી મત્સ્યઉછેરની પ્રવૃત્તિના કારણે ગ્રામજનોમાં ભારે રોષ વ્યાપ્યો છે. તળાવનું પાણી દૂષિત થવાના કારણે ગામમાં રોગચાળો અને પશુઓના મોત થતા હોવાનો આક્ષેપ કરી ગ્રામજનો દ્વારા પંચમહાલ કલેક્ટર, મામલતદાર, તલાટી કમ મંત્રી અને સરપંચને લેખિત રજૂઆત કરી મત્સ્યઉછેર અંગેનો ઠરાવ રદ કરવાની માંગ કરવામાં આવી છે. રજૂઆતકર્તા મોહંમદશફી યુસુફ પાડવા અને ગામના અગ્રણીઓએ આવેદનપત્રમાં જણાવ્યું છે કે, વેજલપુર ગ્રામ પંચાયત દ્વારા ગામના મોટા તળાવમાં મત્સ્યઉછેર (માછલા ઉછેર) માટેનો પરવાનો સિદ્દીક ટપ ઉર્ફે બટાકી સુથાર ને આપવામા આવ્યો છે. પરંતુ મત્સ્યઉછેરના સંચાલકો દ્વારા માછલીના ખોરાક માટે કબૂતર તથા મરઘાંનો એઠવાડ, છાણીયું ખાતર અને ઝેરી રસાયણો/દવાઓ તળાવના પાણીમાં નાખવામાં આવે છે. જેના કારણે તળાવનું તમામ પાણી ભારે દૂષિત થઈ ગયું છે. ગામના અગ્રણીઓના જણાવ્યા મુજબ, આ દૂષિત પાણી પીવાથી ગામના કેટલાંક ઢોર-ઢાંખર અને પશુઓ બીમાર પડ્યા છે અને કેટલાક પશુઓ મોતને ભેટ્યા છે.

ઉપરાંત, ગામના મોટાભાગના લોકો તળાવના પાણીનો ઉપયોગ કપડાં ધોવા તથા અન્ય વપરાશ માટે કરતા હોય, દૂષિત પાણીના સંપર્કમાં આવવાથી ગ્રામજનોમાં દાહ, દાદર, ખુજલી જેવા ચામડીના રોગોનું પ્રમાણ ચિંતાજનક રીતે વધી ગયું છે. તળાવ નજીક આવેલા બોર અને કૂવાના પાણી પણ દૂષિત થવાની ભીતિ સેવાઈ રહી છે. અરજીમાં વધુમાં ગંભીર આક્ષેપ કરવામાં આવ્યા છે કે, તળાવ પર કપડાં ધોવા આવતી મહિલાઓ અને અન્ય સ્થાનિક રહીશો સાથે મત્સ્યઉછેરના સંચાલકો અને દારૂના નશામાં રહેતા અસામાજિક તત્વો દ્વારા ગાળાગાળી કરી ઝઘડો કરવામાં આવે છે. ગ્રામજનોને તળાવ નજીક આવતા રોકી દાદાગીરી કરવામાં આવે છે. જે બાબતે પોલીસ સ્ટેશનમાં પણ અવારનવાર અરજીઓ થયેલ છે. આ બાબતે ગ્રામ પંચાયત વેજલપુરના તલાટી કમ મંત્રી દ્વારા પણ અગાઉ મત્સ્યઉછેર કરનાર આસામીને નોટિસ પાઠવવામાં આવી હતી.

**ઘોઘંબા તાલુકાના ચાઠા ગામમાં દીપડાનો આતંક**

## અડધી રાતે રહેણાંક મકાનમાં ઘૂસી 3 બકરાંનો શિકાર કર્યો, ગામલોકોમાં ભય

(પ્રતિનિધી) હાલોલ, તા.26
ઘોઘંબા તાલુકાના ચાઠા ગામમાં મધરાત્રિએ બનેલી દીપડાની ઘટનાએ સમગ્ર પંથકમાં ચકચાર મચાવી દીધી છે. જંગલ છોડીને રહેણાંક વિસ્તારમાં ઘૂસી આવેલા દીપડાએ એક મકાનમાં પ્રવેશ કરી ત્રણ બકરાં પર જીવલેણ હુમલો કરતાં ગ્રામજનોમાં ભારે ભય અને ફફડાટનો માહોલ સર્જાયો છે. દીપડાના હુમલામાં બે બકરાંનું સ્થળ પર જ મારણ થયું હતું, જ્યારે એક બકરાને ઢસડીને જંગલ તરફ લઈ જતાં પશુપાલકને મોટું આર્થિક નુકસાન સહન કરવાનો વારો આવ્યો છે.પ્રાપ્ત માહિતી મુજબ, ચાઠા ગામમાં રાત્રિના આશરે 12 થી 1 વાગ્યાના દરમિયાન દીપડો રહેણાંક વિસ્તારમાં ઘૂસી આવ્યો હતો. લોકો ઊંઘમાં હતા ત્યારે દીપડાએ એક મકાનમાં પ્રવેશ કરી બાંધેલા બકરાં પર અચાનક હુમલો કર્યો હતો. બકરાંના બૂમાબૂમના અવાજથી પરિવારજનો જાગી ઊઠ્યા, પરંતુ ત્યાં સુધીમાં દીપડાએ બે બકરાંને મોતને ઘાટ ઉતારી દીધાં હતાં અને એક બકરાને ઢસડીને ફરાર થઈ ગયો હતો.ઘટનાની જાણ થતાં જ ગામના લોકો મોટી સંખ્યામાં ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. વહેલી સવારથી જ સમગ્ર ગામમાં આ ઘટનાની ચર્ચા ચાલી રહી છે. ગ્રામજનોમાં ભારે ભયનો માહોલ જોવા મળી રહ્યો છે. ખાસ કરીને નાના બાળકો, મહિલાઓ અને પશુપાલકોમાં અસુરક્ષાની લાગણી વ્યાપી છે. લોકો હવે રાત્રિના સમયે ઘરની બહાર નીકળતાં પણ ડરી રહ્યા છે.ગ્રામજનોએ આક્ષેપ કર્યો છે કે છેલ્લા કેટલાક સમયથી દીપડાની અવરજવર અંગે વારંવાર વન વિભાગને જાણ કરવામાં આવી રહી છે, છતાં અસરકારક કાર્યવાહી કરવામાં આવી નથી. જો સમયસર પગલાં લેવાયા હોત તો આ પ્રકારની ઘટના ટાળી શકાય તેમ હતી. વન વિભાગની બેદરકારીના કારણે હવે નિર્દોષ પશુઓનો ભોગ લેવાઈ રહ્યો હોવાનું ગ્રામજનોએ જણાવ્યું હતું.

## દાહોદમાં વરસાદથી ક્ષતિગ્રસ્ત માર્ગનું સમારકામ કરાયું




(પ્રતિનિધી) ફતેપુરા, તા.26
પંચાયત (મા.મ.) વિભાગ, દાહોદ દ્વારા ચોમાસા દરમિયાન વરસાદના કારણે ક્ષતિગ્રસ્ત થયેલા માર્ગોના સમારકામની કામગીરી યુદ્ધના ધોરણે હાથ ધરવામાં આવી રહી છે. ગ્રામજનોને સુરક્ષિત, સરળ અને અવરજવર લાયક માર્ગ ઉપલબ્ધ થાય તે હેતુસર વિવિધ માર્ગો પર ત્વરિત કામગીરી કરવામાં આવી રહી છે. આ અંતર્ગત ફતેપુરા તાલુકાના ફતેપુરા-કરોડિયા રોડ (કિ.મી. 0/0 થી 1/00) પર GSB Patchwork દ્વારા માર્ગનું સમારકામ સફળતાપૂર્વક પૂર્ણ કરવામાં આવ્યું છે. વરસાદના કારણે માર્ગ પર ખાડા અને કાદવ સર્જાતા વાહનચાલકો તેમજ ગ્રામજનોને અવરજવરમાં ભારે મુશ્કેલીનો સામનો કરવો પડતો હતો. માર્ગ અને મકાન પંચાયત વિભાગ દ્વારા કાર્યવાહી કરીને માર્ગને ફરીથી વાહન વ્યવહાર માટે સુરક્ષિત અને સુલભ બનાવવામાં આવ્યો છે. માર્ગ સમારકામ પૂર્ણ થતાં સ્થાનિક રહેવાસીઓ, ખેડૂતો, વિદ્યાર્થીઓ અને દૈનિક મુસાફરોને સરળ અવરજવરનો લાભ મળશે.

## લીંબાણી ગામેથી 2.54 લાખનો વિદેશી દારૂ સાથે બે આરોપી ઝડપાયા



બોડેલી : છોટાઉદેપુર જિલ્લાના ઝોઝ પોલીસ સ્ટેશને દારૂબંધીના કાયદાના કડક અમલ હેઠળ મોટી કાર્યવાહી હાથ ધરી લીંબાણી ગામેથી ભારતીય બનાવટના વિદેશી દારૂનો જથ્થો ઝડપી પાડ્યો છે. પોલીસે કુલ 5,14,480ના મુદ્દામાલ સાથે બે આરોપીઓને ઝડપી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. પોલીસ અધિક્ષક આઈ.જી. શેખના માર્ગદર્શન હેઠળ જિલ્લામાં પ્રોહિબિશનની પ્રવૃત્તિઓને નાબૂદ કરવા માટે તમામ પોલીસ સ્ટેશનોને કડક કાર્યવાહી કરવાની સૂચના આપવામાં આવી હતી.

**"હકની એક ઇંચ જમીન પણ નહીં આપીએ"**

## ઝાલોદ તાલુકાના થેરકા ગામમાં રેલવે સર્વે મુદ્દે આદિવાસી સમાજનો ઉગ્ર વિરોધ

### આમરણ ઉપવાસ સહિત ઉગ્ર આંદોલનની ચીમકી



(પ્રતિનિધી) ઝાલોદ, તા.20
ઝાલોદ તાલુકાના થેરકા ગામમાં નવી રેલવે લાઇન માટે સર્વેની કામગીરીને લઈને આદિવાસી સમાજમાં ભારે રોષ ફેલાયો છે. રવિવારે ગામના પંચ કૃષ્ણ મુકામે ગ્રામજનો અને આદિવાસી સમાજના આગેવાનોની બેઠક મળી હતી, જેમાં રેલવે સર્વેનો ઉગ્ર વિરોધ વ્યક્ત કરવામાં આવ્યો હતો.

બેઠકમાં ગ્રામજનોએ જણાવ્યું હતું કે તેમની જમીન જ તેમના પરિવારના જીવનનિર્વાહ અને રોજગારીનું મુખ્ય સાધન છે. વિકાસના નામે વારંવાર આદિવાસી ખેડૂતોની જમીન સંપાદિત કરવાનો પ્રયાસ થઈ રહ્યો હોવાનો આક્ષેપ કરતાં તેમણે જણાવ્યું કે હવે રેલવેના નામે પણ જમીન લેવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે, જે કોઈપણ સંજોગોમાં સ્વીકાર્ય નથી. ગ્રામજનોએ જણાવ્યું હતું કે અગાઉ કોરિડોર, એરપોર્ટ અને જી.આઈ.ડી.સી. જેવા વિવિધ પ્રોજેક્ટોને લઈને પણ જમીન સંપાદનની ચર્ચાઓ થઈ હતી અને હવે રેલવે પ્રોજેક્ટને લઈને ખેડૂતોમાં ચિંતા વધી છે. તેમણે સરકારને વિકાસની સાથે ખેડૂતો અને આદિવાસી સમાજના હકોનું પણ રક્ષણ કરવાની માંગ કરી હતી. સરકારી પત્ર મુજબ મેસર્સ મોનાર્ક સર્વેયર્સ એન્ડ એન્જિનિયરિંગ કન્સલ્ટન્ટ્સ લિમિટેડ, પુણેને નિમચ-બાંસવાડા-દાહોદ-અલીરાજપુર-નંદુરબાર વચ્ચે નવી બીજી રેલવે લાઇન માટે ફાઇનલ લોકેશન સર્વે (FLS) અને વિગતવાર પ્રોજેક્ટ રિપોર્ટ (DPR) તૈયાર કરવાની કામગીરી સોંપવામાં આવી છે.

## વેજલપુર પાસે ગેરકાયદે સબસીડાઈઝ્ડ નીમ કોટેડ યુરિયા ખાતરની ૧૫૨ થેલીઓ સાથે બે ઝડપાયા



(પ્રતિનિધી) કાલોલ, તા.26
SOG ગોધરા પોલીસ ઈન્સ્પેક્ટર એમ. એ. વાઘેલાના માર્ગદર્શન હેઠળ પોલીસે મોટી સફળતા મેળવી છે.વેજલપુર પોલીસ સ્ટેશન વિસ્તારમાં SOG PI બી.કે. ગોહિલ અને ટીમ પેટ્રોલીંગમાં હતી તે દરમ્યાન મળેલી ચોક્કસ બાતમીના આધારે, કાલોલ ખેતીવાડી અધિકારીને સાથે રાખીને દરોડો પાડવામાં આવ્યો હતો. વહન કરવામાં આવી રહેલી અનધિકૃત અને વગર આધાર-પુરાવાની સબસીડાઈઝ્ડ નીમ કોટેડ યુરિયા ખાતરની ૧૫૨ થેલીઓ (કિંમત રૂ. ૪૦,૫૦૮/-) જપ્ત કરવામાં આવી છે. આ જથ્થો ગેરકાયદેસર રીતે પૂરો પાડનાર ઠાકોર બાપા કૃષિ સેવા મંડળ, ધનતેજ (તા. સાવલી, જી. વડોદરા) ના સંચાલક વિરૂદ્ધ પણ વેજલપુર પોલીસ સ્ટેશન ખાતે ગુનો નોંધવામાં આવ્યો છે.

**છોટાઉદેપુર નગરપાલિકાના ભાજપ સત્તા ગુમાવે તેવી સ્થિતિ**

## છોટાઉદેપુર નગરપાલિકાના ભાજપમાંથી ચૂંટાયેલા પ્રમુખનો બોગસ દાખલો હોવાનું બહાર આવતા અવળી અસર

### છોટાઉદેપુર નગરપાલિકાના પ્રમુખ પદ માટે મહિલા અનુસૂચિત જનજાતિ બેઠક અનામત છે

### પ્રમુખના બોગસ જાતિના દાખલા મુદ્દે હાઇકોર્ટે લાલ આંખ કરતા ૨૭ જુલાઈએ હુકમ

છોટાઉદેપુર નગરપાલિકાના પ્રમુખના બોગસ જાતિના દાખલા મુદ્દે શાસક પક્ષને છાવરતા તંત્રને મોટી ફટકાર પડી છે.હાઇકોર્ટે લાલ આંખ કરતા ૨૭ જુલાઈએ હુકમ માટેની તારીખ આપી છે.જેને લઈને છોટાઉદેપુર નગર પાલિકા પ્રમુખને ઘરે જવાનો સમય આવી ગયો હોવાની ચર્ચાએ જોર પકડયું છે. આમ દાખલો રદ થયા છતાં તારીખો આપી બચાવવાનો ખેલ પૂરો થયો છે.

(પ્રતિનિધી) વડોદરા, તા.26
છોટાઉદેપુર નગરપાલિકામાં કુલ 28 બેઠકો આવેલી છે જેમાં નગરપાલિકા બોર્ડમાં આઠ સભ્યો ભાજપના છે એક સભ્ય કોંગ્રેસ, છ સભ્યો સમાજવાદી પાર્ટી, ચાર સભ્યો બહુજન સમાજવાદી પાર્ટી, ચાર સભ્યો ગુજરાત સર્વ સમાજ પાર્ટી અને પાંચ અપક્ષ આમ કુલ 28 સભ્યો ચૂંટાઈ આવ્યા હતા જેમાં ભાજપના બેનર ઉપર થી છોટાઉદેપુર નગરપાલિકામાં મંજુલાબેન કિશનભાઈ કોળી વોર્ડ નંબર ચારમાંથી અનુસૂચિત જનજાતિ બેઠક ઉપરથી ચૂંટાઈ આવ્યા હતા ત્યારબાદ ભાજપના આઠ સભ્યો તેમજ સમાજવાદીના છ સભ્યો એમ ગઠબંધન કરી નગરપાલિકાના પ્રમુખ પદે ભાજપ પેરિત બન્યા હતા ત્યારબાદ નગરપાલિકાના પ્રમુખ બોગસ જાતિનો દાખલો હોવાનું બહાર આવતા તેઓનો પ્રમુખ પદ જવાના આરે હોવાથી હવે ભાજપ પાસે કોઈ અન્ય અનુસૂચિત જનજાતિ સભ્યો ના હોવાથી હવે ભાજપ સત્તા ગુમાવે તેવી સ્થિતિનું નિર્માણ થયું છે જ્યારે બીજા ચાર અનુચિત જનજાતિના સભ્ય બોર્ડમાં છે જેમાં બે સભ્ય સમાજવાદી પાર્ટી ના છે અને એક બહુજન સમાજવાદી પાર્ટી પાસે છે જેને લઈ ભાજપના પ્રમુખનું પદ જાય તો બીજી પાર્ટીના પ્રમુખ બને તેવી સ્થિતિ છે.

**જાહેર નોટીસ** શ્રી.એસ.સી.સંગાડા, એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદાર સીંગવડની કોર્ટમાં

અરજદાર : ઠાકોર રમેશભાઈ હાથીભાઈ
રહે. મેથાણ, તા. સીંગવડ, જિ. દાહોદ
નં.જ.મ.પ્ર/એસ.આર.નં.૫૪૩થી ૫૪૪/૨૦૨૬
તારીખ : ૨૪/૦૭/૨૦૨૬
વિરૂદ્ધ
સામાવાળા : તલાટી કમ મંત્રીશ્રી, મેથાણ
મું. મેથાણ, તા. સીંગવડ જી. દાહોદ

**જન્મ- મરણ અધિનિયમ-૧૯૬૯ની કલમ ૧૩(૩) અન્વયે જન્મ નોંધ કરાવવા અન્વયે નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારશ્રી ઠાકોર (પગી) રોહિતભાઈ રમેશભાઈ રહે. મેથાણ, તા. સીંગવડ, જિ. દાહોદનાઓએ જન્મ-મરણ અધિનિયમ-૧૯૬૯ હેઠળ અરજી કરેલ છે. તેઓએ તેમના પુત્ર નામે ઠાકોર પગી રોહિતભાઈ રમેશભાઈનો જન્મ તા. ૨૮/૦૩/૨૦૧૪ના રોજ મું. મેથાણ, તા.સીંગવડ, જિ.દાહોદ ખાતે થયેલ છે અને તેમના જન્મની નોંધણી જે-તે વખતે શરતચૂકથી કરાવવાની રહી ગયેલ હોઇ અત્રેની કોર્ટમાં અપીલ અરજી દાખલ કરેલ છે. સદર અરજીના અનુસંધાનમાં કોઈ ઇસમને વાંધો યા તકરાર હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયા તારીખથી ૩૦ દિવસ સુધીમાં અત્રેની મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટની કચેરી, સીંગવડની કોર્ટમાં જરૂરી આધાર-પુરાવા સાથે વાંધો રજુ કરવો. જો તેમ કરવામાં કસુર કરશો તો આગળની ન્યાયિક કાર્યવાહી હાથ ધરવામાં આવશે, જેની તમામ લાગતા વળગતા ઇસમોએ નોંધ લેવી.

આજ તા. ૨૪/૦૭/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

કોર્ટનો સિક્કો

(એસ.સી. સંગાડા)
એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
અને મામલતદાર સીંગવડ